# શ્રી સ્વામિનારાયણ જ્ઞાનપીઠ સલવાવ - USA

આશીર્વાદ



પ.પુ. પુરાણી કેશવચરણદાસજી

॥ જય સ્વામિનારાયણ ॥



પુરુષાર્થ



પ.પુ. શાસ્ત્રી સ્વામી કપિલજીવનદાસજી



અન્ન સહાય



મંદિર નિર્માણ



બેઘરોને મકાનની સહાય



સમૂહલગ્ન

!! જય શ્રી સ્વામિનારાયણ !!

શ્રી સ્વામિનારાયણ જ્ઞાનપીઠ સલવાવની સ્થાપનાનો મુખ્ય ઉદ્દેશ્ય એ જ હતો કે સામાજીક સેવાને વધુ મૂકતતાથી વધુમાં વધુ ગરીબ પછાત વર્ગ સુધી પહોંચી અને તેમના જીવનમાં આમુલ પરિવર્તન લાવવું સામાન્ય રીતે નિહાળવા મળે છે કે વિવિધ સામાજિક સંગઠનો સામાજિક કાર્યો કરવા તો ઈચ્છે છે પરંતુ તેમની પાસે ચોક્કસ દિશા હોતી  નથી અને તેથી તેઓ સામાજિક કાર્યોમાં ઈચ્છા હોવા છતાં તેમાં સક્રિય થઈ શકતા નથી. ક્યાંક આયોજનનો અભાવ, તો ક્યાંક માર્ગદર્શનનો અભાવ જોવા મળતો હોઈ છે. શ્રી સ્વામિનારાયણ જ્ઞાનપીઠના સંતો આવા સેવાભાવી સંગઠનને સાંકડીને સેવાકીય પ્રવૃત્તિમાં આ સંસ્થાના માધ્યમથી માર્ગદર્શન આપી જરૂરિયાતમંદ સમાજ વચ્ચે તેઓને લઈ જઈ વાસ્તવિકતાના દર્શન કરાવી અને તેમની સેવાનો લાભ જે ખરા અર્થમાં લાભાર્થીઓ છે તેમને અપાવી રહ્યા છે.

શ્રી સ્વામિનારાયણ શિક્ષણ સેવા કેન્દ્ર  તથા શ્રી સ્વામિનારાયણ જ્ઞાનપીઠ સલવાવ -ેંજીછ છેલ્લા ૩૫ થી વધુ વર્ષથી સક્રિય બનીને આ સેવા અવિરત પણે કરી રહે છે ડુંગરાઓ ખેડીને તળેટીમાં વસેલા આદિવાસી ભાઈઓ-બહેનોની વાહરે પહોંચી એકઆત્મ ભાવથી તેમના પ્રશ્નોને સમજીને તેમની સમસ્યાઓને રૂબરૂ નિહાળીને તેમની આંખોમાં સળવળી રહેલા દર્દને પામીને તેમના પ્રત્યેક પ્રશ્નના નિરાકરણ માટે દીર્ઘદ્રષ્ટિ રાખી સદ્ભાવના સાથે આ સમાજને બેઠો કરવા સતત પ્રયત્નશીલ રહ્યા છે. વિશાળ કામ હોય ક્યારે સંસ્થા એકલા હાથે તેને પહોંચી વળે એવું શક્ય ન પણ બને પરંતુ સંસ્થાના આવા ઉમદા ઉદ્દેશ્ય અને ગ્રાસરૂટ લેવલના કામગીરી નજરે નિહાળનાર સમાજ શ્રેષ્ઠીઓ સંસ્થાના કાર્ય સાથે હોય છે સંકળાઈને તન-મન-ધનથી યજ્ઞમાં સમિધ પૂરવાનું કામ કાર્ય કરી રહ્યા છે

કપરાડા તાલુકો વલસાડ જીલ્લાનો અત્યંત પછાત અને સો ટકા આદિવાસી વસતિ ધરાવતો તાલુકો છે ડુંગરાળ વિસ્તારમાં સરકાર દ્વારા માર્ગો બનાવીને ગામડા ને શહેર સાથે તો જોડી દેવાયા છે પરંતુ આજે પણ આ વિસ્તારમાં શિક્ષણ રોજગારી સામાજિક ધાર્મિક સાંસ્કૃતિક વગેરે અનેક પ્રશ્નો સળવળી રહ્યા છે આવા પ્રશ્નો ને હલ કરવા માટે અને તેમાંય વળી યા ગરીબ બાંધવોનું સ્વમાન જળવાઈ રહે તે રીતે તેમને શિક્ષણ, ધાર્મિકતા, સામાજિકતા અને આર્થિક રીતે કઈ રીતે સહાયભૂત થઈ શકે તે શ્રી સ્વામિનારાયણ જ્ઞાનપીઠ સલવાવ ના સંતો પૂરી રીતે સમજી વિચારી એક સુંદર માળખું તૈયાર કરે છે અને માળખાગત આયોજન થકી આ વિસ્તારના લોકોને મદદરૂપ થવા સાથે તેમને સાંપ્રત પ્રવાહ સાથે સાંકળી રહ્યા છે. વાલવેરી જેવા ગામમાં ૧૦૦૦૦ આંબા કલમ નું વિતરણ એ માત્ર એક કાર્યક્રમ ન બની રહેતા લાંબાગાળાનું અને દીર્ઘદ્રષ્ટિ વાળુ આદિવાસીઓના આર્થિક પ્રગતિની સાથે પર્યાવરણની જાળવણી અને સમાજ માટે મધુર ફળો ની પૂર્તિ જેવા અનેક ઉદ્દેશ્યો લાંબા સમય સુધી સિદ્ધ થાય આવું આયોજન તો માત્ર સ્વામિનારાયણ જ્ઞાનપીઠ ના સંતો જ કરી શકે



વિધવા સહાય



આંબા કલમનું વિતરણ



વ્યસન મુક્તિ શિબિર



વસ્ત્ર સહાય





# આંબા કલમનું વિતરણ

**પ્રોજેક્ટ : પ્રારંભ ૨૦૧૯** | **લાભાર્થી : ૧૦,૦૦૦**





વાલવેરી ગામ ડુંગરા અને તળેટી ચડતી ઉતરી ભો અને ચોમાસામાં પ્રકૃતિ અહી સોળે કળાએ ખીલી હોય ત્યારે પ્રવાસીને એમ જ લાગે કે, અહી જ રહી જઈએ પરંતુ અહીના રહીશના જીવનને જાણીએ, લોકોને મળીએ તો વાસ્તવિકતાનો ખ્યાલ આવે કે અહી  જીવન કેવું કઠીન છે. ખેતી એ એકમાત્ર જીવન નિર્વાહનું સાધન હોય અને સિંચાઈની વ્યવસ્થાને અભાવે અમુક જ પાક લઇ શકાય, વડી ચોમાસા ઉપર જ ખેતીનો આધાર હોય ચોમાસાના ચાર માસ સારા રહ્યા તો ઠીક નહિ તો સ્થિતિ વધુ કપરી. આવા સંજોગોમાં આર્થિક ઉપાર્જન માટે ઘર છોડી શહેર તરફ જવું પડે ત્યાં પણ મજુરી મળશે કે કેમ? ની વિટંબણાનો સામનો કરવો પડે. ગામડાની આવી સમસ્યાનો ઉકેલ શો હોઈ શકે ? એવું શું કરી શકાય કે લાંબા ગાળા સુધી આ ગામડાના લોકોનું જીવન સુખ અને સમૃદ્ધિનો સમન્વયવાળું બને ? સંતના મનમાં જયારે આવા વિચારો આવે ત્યારે તેનો હલ જાણે ઈશ્વર ખુદ વિચારબિંદુ સ્વરૂપે મૂકી દે છે અને શ્રેષ્ઠ ઉકેલને ફળીભૂત કરવાનો સંકલ્પ ખુદ આગળના માર્ગમાં આવનારા અવરોધોને દુર કરે છે.



આંબાનું વૃક્ષ માત્ર આર્થિક ઉપાર્જનનું માદયમ નહિ પરંતુ પર્યાવરણનું પણ રક્ષણ, શહેરીકરણની હોડમાં વૃક્ષોનું નિકંદન નીકળી રહ્યું છે ત્યારે વૃક્ષનું વાવેતર મોટાપ્રમાણમાં કરવા એક “બાળ એક વૃક્ષ”નું સૂત્ર સરકારે સાથે અભિયાન ચલાવવાની સરકારને ફરજ પડી છે. આ અભિયાનનો પ્રારંભ હજી થઈ રહ્યો છે તે પહેલા સ્વામિનારાયણ જ્ઞાનપીઠ દ્વારા ૧૦,૦૦૦ આંબા કલમ વિતરણના સંકલ્પને સાકાર કર્યો એ પર્યાવરણ જાળવણી માટે પણ એક કદમ આગળ મુક્યું છે.

કપરાડા જેવા વિસ્તારમાં આબોહવા અને જમીનની ફળદ્રુપતાને માફક આવે અને જેની બજારમાં માંગ રહેતી હોય એવા ફળનું ઉત્પાદન માટે વિચારી આ પ્રકલ્પને સંસ્થા દ્વારા અમલમાં મુકાયો છે.

સંસ્થા એ આંબા કલમ ખેડૂતને મફત આપી દીધી એટલે જવાબદારી પૂરી કે સેવા કરી લીધા નો સંતોષ માની લીધો નથી પરંતુ આ વૃક્ષની માવજત તેના ઉપર ફળ બેસે ત્યાં સુધી રાખવા પણ આશ્વાસન આપી અને જો આંબા કલમ ઉછેર દરમિયાન મરી જાય કે વૃદ્ધિ ન થાય તો તેવી કલમના સ્થાને બીજી કલમ આપવાની પણ ધરપત આ ગરીબ ખેડૂતોને આપી છે. સંસ્થાના સ્થાપક પુ. પુરાણી સ્વામીના જણાવ્યા પ્રમાણે આ પ્રકલ્પ પાંચ વર્ષ સુધી ચાલશે અને દર વર્ષે ૧૦,૦૦૦ આંબા કલમ વિતરણ કરવા સંસ્થા સંકલ્પ બદ્ધ હોય પાંચ વર્ષમાં ૫૦,૦૦૦ આંબા કલમનો ઉછેર થતા આ આખો વિસ્તાર આમ્રવન બનશે.

સંસ્થા ખેડૂતને એ બાબતે પણ સંકલ્પબદ્ધ કરે છે કેરીનો પાક સંપૂર્ણ ઓર્ગેનિક પ્રાકૃતિક ખાતરના ઉપયોગ થી જ થાય, કોઇપણ પ્રકારની રાસાયણિક દવાનો ઉપયોગ ન થાય. જેથી કેરીનું ફળ સ્વાસ્થ્ય વર્ધક રહે. આમ કેરીનો સ્વાદ માણનારના આરોગ્યનો પણ ખ્યાલ ભળ્યો છે. કેરીના ઉત્પાદન બાદ તેના વેચાણ અંગે પણ સંસ્થા વિચારી રહી છે. ખેડૂતે ઓર્ગેનિક ખેતી થી ઉત્પાદિત કરેલ ફળની માંગ માત્ર દેશમાં નહિ પરંતુ વિદેશમાં પણ રહેવાની છે. રાસાયણિક ખેત પેદાસની આડઅસર પિછાણતા લોકો ઓર્ગેનિક ખેત પેદાસ શોધતા થયા છે. આવા સંજોગોમાં ઓર્ગેનિક પદ્ધતિથી આ ગરીબ ખેડૂતો કેરી ઉત્પાદન કરશે તો એવા ફળની માંગ વધવા સાથે પોષણક્ષમ ભાવ મળશે.ખેડૂતના ઘરથી ઉત્પાદિત કેરી સંસ્થા પોતે બજાર સુધી પહોચાડવાની વ્યવસ્થા કરશે. ખેડૂતને માત્ર ખેતી કરવાની બાકી બધી જવાબદારી સંસ્થા લાંબા સમય સુધી નિભાવવા કટિબદ્ધ હોય આવા આયોજનને આજે ઠેર ઠેર થી આવકાર મળી રહ્યો છે. સમૂહ માધ્યમો પણ આ કાર્યોના સાક્ષી બની અને નોધ લઇ રહયા છે.

સંસ્થાના અન્ય પ્રકલ્પોથી  થોડા નોખો કહી શકાય એવા આંબા કલમ વિતરણના પ્રકલ્પની નોધ લઇ સ્વામિનારાયણ વડતાલ ગાદીના પીઠાધિપતિ મહારાજ પ.પુ.ધ.ધુ.૧૦૦૮  રાકેશપ્રસાદજી મહરાજે પણ આ વનવાસી વચ્ચે પહોચી અને તેમના આશીર્વાદ પાઠવી સંસ્થાના કાર્યોની સમગ્ર સમ્પ્રદાય લેવલે નોંધ લીધી છે અને પુ. પુરાણી સ્વામી તથા પુ. કપિલ સ્વામીજીના વખાણ કર્યા છે.

કપરાડાના આદિવાસી ભાઈ બહેનો સંતોના આ પ્રકલ્પને સાકાર કરવા કટિબદ્ધ થયા છે. તેઓ પણ જાણે છે કે સંતોના આશીર્વાદ અને સહયોગ થી તેમના જીવનમાં ચોક્કસ પરિવર્તન આવી રહ્યું છે. અને તેઓ પોતે તથા પોતાના પરિવારનું ગુજરાન તો સારી રીતે ચલાવી શકશે પરંતુ સમાજ અને રાષ્ટ્ર નિર્માણના કાર્યમાં પણ પોતાનું યોગદાન આપી શકશે. નવા ભારતના નિર્માણ તરફ આ એક નોધનીય કદમ હશે.